## જન્મદિને વધામણી



ભાવનાબેન જયંતિલાલ સાકરિયા
મો. ૯૪૨૬૫ ૩૪૫૦૦

## ગાંધીનગરમાં ૧૧મી જૂને કેરીયર ગાઈડન્સ સેમીનાર

ગાંધીનગર, તા.૫

યુનિટી ઓફ ગાંધીનગર દ્વારા ગાંધીનગરના વિદ્યાર્થીઓ માટે કેરીયર ગાઈડન્સ સેમીનારનું આયોજન આગામી તા. ૧૧ જુનને સોમવારના રોજ સાંજે ૪ થી ૯ કલાક દરમિયાન સેકટર-૧૨ ડો.બાબા સાહેબ આંબેડકર ભવન ખાતે કરવામાં આવેલ છે. આ સેમીનારમાં વિદ્યાર્થીઓને એસએસસી અને એચએસસી બાદ કયું ફિલ્ડ પસંદ કરવુ તે અંગે માર્ગદર્શન પુરુ પાડવામાં આવશે. યુનિટી ઓફ ગાંધીનગર સંસ્થા દ્વારા ધોરણ-૧૦, ધોરણ-૧૨ તેમજ ગ્રેજ્યુએશન બાદ કયું ફિલ્ડ પસંદ કરવું તેમજ સ્પર્ધાત્મક પરિક્ષાઓની તૈયારી અંગે યોગ્ય માર્ગદર્શન વિદ્યાર્થીઓને પુરુ પાડવા માટે વિવિધ યુનિવર્સિટી, કોલેજ, તથા પ્રાઈવેટ ઈન્સ્ટટયુટના તજજ્ઞો દ્વારા પ્રેજન્ટેશન પુરુ પાડવામાં આવશે. તેમજ આંબેડકર હોલ ખાતે બહારની બાજુએ સ્ટોલ ઉભા કરવામાં આવશે. આ સ્ટોલ પરથી પણ વિદ્યાર્થીઓને યોગ્ય માહિતી મળી રહેશે. કેરીયર ગાઈડન્સ સેમીનારનો લાભ લેવા માટે શહેરના સૌ વિદ્યાર્થીઓને યુનિટી ઓફ ગાંધીનગર દ્વારા અનુરોધ કરાયો છે.

## અકિંચન દીકરીને સમાજનો કરિયાવર



સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા મહિલા પાંખ દ્વારા સમાજસેવાનું વધુ એક ઉમદા કાર્ય સંપન્ન કરવામાં આવ્યું છે. ચરેડી છાપરાના રહેવાસી અને શાકભાજીનું વેચાણ કરતા વેપારીની દીકરી પૂજાને તેના લગ્નપ્રસંગે કરિયાવર અર્પણ કરીને તેના ગૃહસ્થ જીવન માટે આશીર્વાદ પાઠવવામાં આવ્યા હતા.

## ફિનકૅર કંપની દ્વારા રક્તદાન શિબિર યોજાઈ





ગાંધીનગર, તા. ૫

ફિનકૅર કંપની દ્વારા અમદાવાદ સ્થિત લૉ ગાર્ડન ઑફિસ ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કંપનીના ૩૨ જેટલા સેવાપ્રેમી કર્મચારીઓએ આ શિબિર અંતર્ગત રક્તદાન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન અમદાવાદ રેડક્રૉસ સોસાયટીના સહયોગથી કરાયું હતું. રેડક્રૉસ દ્વારા નિયમિત અને સ્વૈચ્છિક રક્તદાનનું મહત્ત્વ તેમજ રક્તદાન સમયે રાખવી પડતી કાળજી અંગે આ પ્રસંગે માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. શિબિર અંતર્ગત ૨૮ જેટલા યુવાનો ઉપરાંત ઉર્વિ પોરવાલ, અપેક્ષા માલવિયા, શિવાંશી ભટ્ટ અને જીનાલી ઠક્કરે પણ સ્વૈચ્છિક રક્તદાન કરી મહિલાઓ માટે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## સાઉથ એશિયન જમ્પરોપ ચૅમ્પિયનશીપમાં ગાંધીનગર શહેરની ચૌધરી વિદ્યાલય ઝળકી



ગત માસ દરમિયાન ભુતાન ખાતે ચોથી સાઉથ એશિયન જમ્પરોપ ચૅમ્પિયનશીપ યોજાઈ હતી, જેમાં ૮ દેશોની ટીમોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ગાંધીનગરની શ્રી જે ઍમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય (ગ્રાન્ટેડ)ની કુલ ૧૦ વિદ્યાર્થીનીઓએ પણ ભાગ લીધો હતો, જે પૈકી હેતલ શંકરભાઈ ચૌધરીએ બ્રૉન્ઝ મૅડલ પ્રાપ્ત કરી શાળા, રાજ્ય અને દેશનું ગૌરવ વધાર્યું હતું. શાળા પરિવાર તરફથી આ ગૌરવશાળી વિદ્યાર્થીનીને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## હરેકૃષ્ણ મંદિર, ભાડજ દ્વારા ૭મીએ ચિડા-દહીં ઉત્સવ

ગાંધીનગર, તા. ૫

હરેકૃષ્ણ મંદિર, ભાડજ ચિડા-દહીં ઉત્સવની ઉજવણી કરે છે જેમાં પાલકી ઉત્સવ, ભગવાન શ્રી શ્રી નિતાઈ ગોરાંગને અભિષેક અને નૌકા વિહાર તથા ચિડા-દહીં મહાપ્રસાદનું વિતરણ કરીને કરવામાં આવે છે. આ વખતે પણ જેઠ સુદ તેરસ નિમિત્તે આ ઉત્સવ ઉજવવાનું આયોજન મંદિર દ્વારા કરવામાં આવ્યું છે.

ઉત્સવ દરમ્યાન મંદિરમાં આવેલ કુંડને રંગબેરંગી ફૂલો કે જે નિર્મળ જળ ઉપર તરતા રહે તેમ સુંદરરીતે શણગારવામાં આવશે. ભગવાન શ્રી શ્રી નિતાઈ ગોરાંગને મંદિરના મુખ્ય ગર્ભગૃહમાંથી સુંદર રીતે શણગારેલ પાલકી દ્વારા મંદિરકુંડમાં લાવવામાં આવશે. ત્યારબાદ ભગવાનશ્રીનો દૂધ, દહીં, મધ, ગોળનુ પાણી, અને વિશેષ ફળોના રસ દ્વારા અભિષેક કરવામાં આવશે. અભિષેકના ભાગરૂપે ભગવાનની પ્રતિમાને કુંડમાં ડૂબાડીને સ્નાન કરાવવામા આવશે અને પૂષ્પો અર્પણ કરવામાં આવશે. અભિષેક બાદ ભવ્ય આરતી કરવામાં આવશે અને ત્યારબાદ ભગવાનની પ્રતિમાને મંદિરના કુંડમાં નૌકાવિહાર કરાવવામાં આવશે. પૌઆને ઘટ્ટકરલે દૂધ, દહીં, ખાંડ, કેરી વિગેરે સાથે મિશ્ર કરીને જે રીતે રઘુનાથ દાસાએ ભક્તો માટે બધી તૈયારી કરી હતી એ રીતે વિવિધ પ્રકારના સ્વાદિષ્ટ વ્યંજનો બનનાવવામાં આવશે. આ બધા જ વ્યંજનો ભગવાન શ્રી શ્રી નિતાઈ-ગૌરાંગને અર્પણ કરવામાં આવશે અને ત્યારબાદ હાજર સૌ ભકતોમાં પ્રસાદરૂપે વિતરણ કરવામાં આવશે.

## ડાયરેક્ટ ❤ સે

નાની ઉંમરમાં
બહુ મોટી જિંદગી
મેં જોઈ છે
ખાલી
મન રાજી રાખવાની
વાત સિવાય
કોઈ કોઈનું નથી

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ડિયર માયા
૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
બેવૉચ (૩ડી, અંગ્રેજી)
૧૨.૩૦, ૮.૦૦
બેવૉચ (૩ડી, હિન્દી)
૩.૦૦, ૧૦.૩૦
પાઈરેટ્સ ઑફ ધી કેરેબિયન (૩ડી, હિન્દી) ૫.૩૦

**સ્ક્રીન-૪**
કરસનદાસ પે ઍન્ડ યુઝ (ગુજરાતી)
૧.૦૦
બાહુબલિ-૨
૩.૪૫, ૯.૩૦
હિન્દી મીડિયમ
૭.૦૦

**સ્ક્રીન-૫**
સ્વીટી વેડ્સ ઍનઆરઆઈ
૧૦.૦૦, ૧૨.૪૫, ૪.૦૦, ૧૦.૦૦
સચિન
૭.૧૫

## ગાંધીનગર સમાચાર

પાટનગરનું પોતીકું અને વાચકોનું વહાલું અખબાર ગાંધીનગર સમાચાર ગાંધીનગર શહેરને સમર્પિત કરે છે એક નવી પહેલ.....

ગ્રીન ગાંધીનગર અભિયાન
ગાંધીનગર સમાચાર

ગાંધીનગર સમાચાર ગાંધીનગરના સૌ પર્યાવરણ-પ્રેમીઓને નાગરિકો, સંસ્થાઓને વૃક્ષારોપણ માટે આહવાન કરે છે. આપના દ્વારા થયેલા વૃક્ષારોપણની તસવીરો 'ગાંધીનગર સમાચાર'માં પ્રગટ કરવામાં આવશે. તો ચાલો, વધુમાં વધુ વૃક્ષો વાવીએ અને નગરને વિશ્વનું સૌથી હરિયાળું પાટનગર બનાવીએ.

### 'મારી શાળા મારું ગૌરવ' પ્રૉજેક્ટ અન્વયે
## સૅ. ૨૩ની સરકારી પ્રાથમિક શાળામાં સમર કૅમ્પ





ગાંધીનગર, તા. ૫

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર તથા શાસનાધિકારી કચેરી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે 'મારી શાળા મારું ગૌરવ' પ્રૉજેક્ટ અનુસંધાને ૧થી ૩ જૂન દરમિયાન સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૨૩ ખાતે આ પગાર કેન્દ્રની ૧૦ પેટા શાળાઓનાં બાળકો માટે સમર કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમર કૅમ્પમાં ૨૦૦ બાળકો અને ૨૦ શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. બાળકોને તજ્જ્ઞો દ્વારા છાપકામ, કલર કામ, માટીકામ, ક્રાફ્ટ માટેની પ્રવૃત્તિઓ, મહોરાં બનાવવાં, ચીટક કામ, કાગળમાંથી વિવિધ નમૂના બનાવવા, બાળગીત તથા રંગપૂરણી જેવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી. આ સમર કૅમ્પમાં તજ્જ્ઞ તરીકે રાબિયાબેન દેસાઈ, રંજનબેન પટેલ, મંજુલાબેન રામી તથા તારાબેન પટેલે પોતાની સેવાઓ આપી હતી.

## વાચકોને આમંત્રણ

### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

આ વખતનો વિષય છે :

**'મારું પ્રિય પુસ્તક'**

# જીદ કરવાવાળો જ જીતે છે, ઈતિહાસ રચે છે




દુનિયા બે પ્રકારના લોકોથી ભરેલી છે. એક એવા લોકો છે કે જે ઈતિહાસ બનાવે છે. અને એક એવા લોકો છે કે, જે ઈતિહાસને વાંચતા હોય છે. ભીડથી અલગ હટીને કંઈક નવું કરવાવાળા લોકોના માથા ઉપર ઈતિહાસ ઘડનારાનો મુગટ શોભતો હોય છે. ઈતિહાસ બનાવનારા લોકોમાં એવું તો કયું તત્વ હોય છે કે, એ ઈતિહાસ રચી નાખે છે. ઈતિહાસ રચવાવાળાની થીંકીંગ પ્રોસેસ આઉટઓફ બોક્ષ હોય છે. કંઈક જુદુ કરવાની આગ એમના દિલોદીમાગમાં સતત પ્રજવળતી હોય છે. આવા લોકો જીદ્દી હોય છે. અનોખું અને આગવું કરવાની એમની જીદની પરાકાષ્ઠા ઈતિહાસ રચી નાખે છે.

કંઈક જુદુ કરવાની તમન્નાવાળા લોકો મનમાં જીદને પાળતાં હોય છે અને દિવસે દિવસે એમની આ જીદને સખત પરિશ્રમ અને અનુભવના ખાતરથી પોષીને મોટી કરતાં હોય છે. રતન ટાટાના જીવનમાં બનેલી એક બહુ જાણીતી ઘટના યાદ આવે છે. શરૂઆતના તબક્કામાં ૧૯૯૮માં રતન ટાટાએ પહેલવહેલી પેસેન્જર કાર ઈન્ડીકા કાર માર્કેટમાં લોન્ચ કરી. આ કાર બદનસીબે ખાસ ચાલી નહીં. અને ટાટા મોટર્સ ભારે ખોટમાં ચાલવા લાગી. રતન ટાટાને એમ લાગ્યું કે, ટાટા મોટર્સ વેચી નાખું અને અન્ય બીઝનેસમાં રોકાણ કરું. રતન ટાટા તેમની ટીમ સાથે ડેટ્રોઈટ જવા રવાના થયા અને ફોર્ડ કંપનીના બીલ ફોર્ડ સાથે ટાટા અને એની ટીમે ટાટા મોટર્સની પેસેન્જર વેહીકલ વેચવા સંદર્ભે ચર્ચા વિચારણા કરી. આ ચર્ચા વિચારણા ત્રણ કલાકથી પણ વધુ ચાલી અને વાતમાં ને વાતમાં બીલ ફોર્ડે રતન ટાટાને ટોણો મારતાં કહ્યું, 'અમે ટાટા મોટર્સ પેસેન્જર વેહીકલ ખરીદીને તમારા પર અહેસાન કરીએ છીએ. તમને પેસેન્જર વેહીકલ બનાવવાની સુઝ નથી, આવડત નથી તો પછી આ બીઝનેસમાં શા માટે પડ્યા ?'

બીલ ફોર્ડની આ વાત રતન ટાટાના હૃદય સોંસરવી ઉતરી ગઈ. આખી રાત રતન ટાટા ઉંઘી ન શક્યા અને બીજા દિવસે સવારે ફોર્ડ કંપનીને કોઈપણ પ્રકારની જાણકારી આપ્યા વગર એમની ટીમ લઈને ડેટ્રોઈટથી હિન્દુસ્તાન પાછા આવી ગયા. પાછા આવીને રતન ટાટાએ ટાટા મોટર્સ ઉપર ખૂબ ધ્યાન કેન્દ્રીત કર્યું. ખંતપૂર્વકની મહેનત અને સંશોધન-પૃથક્કરણ દ્વારા ટાટા પેસેન્જર વેહીકલને આગળ વધારી. અને એક તબક્કે ખોટ કરતી કંપનીમાંથી નફો રળતી ટાટા પેસેન્જર વેહીકલ કંપનીમાં પરિવર્તિત કરી.

કાળ ચક્ર એવું ફર્યું કે, ફોર્ડ કંપની લોસમાં ગઈ. દિનપ્રતિદિન ફોર્ડ નુકસાનીના ખપ્પરમાં વધુ ને વધુ હોમાતી ચાલી. રતન ટાટાએ બીલ ફોર્ડને સામેથી ફોર્ડ કંપની ખરીદવા મેસેજ મોકલ્યો. જે રીતે મુંબઈથી ડેટ્રોઈટ ટાટાની ટીમ ગઈ હતી બિલકુલ એ રીતના હવે ડેટ્રોઈટથી બીલ ફોર્ડ અને એની ટીમ મુંબઈ આવી. ટાટાએ રૂપિયા ૯૬૦૦ કરોડમાં ફોર્ડની બે પેસેન્જર વેહીકલ બનાવતી કંપની ખરીદી અને ત્યારે બીલ ફોર્ડે ટાટાને કહ્યું, 'જગુઆર અને લેન્ડરોવર પેસેન્જર વેહીકલ બનાવતી મારી કંપની ખરીદીને તમે અમારી ઉપર ઉપકાર કર્યો છે. અમે તમારું અહેસાન નહીં ભુલી શકીએ.' આ છે એક પેશનની કમાલ. એક જીદથી થયેલી જીતની કમાલ.

જીદ કરવાવાળો જ જીતતો હોય છે. પોતાની જાતને પ્રશ્ન પુછવો પડે કે મારી જીદ કઈ છે ? પોતાની જાતને ચેલેન્જ આપવી પડે. તમારું ગાંડપણ શેમાં છે એ તમારે જ સમજવું પડે. ગાંડપણ જ ઈતિહાસ બનાવે છે. માઈક્રોસોફટ કંપનીના સીઈઓ સત્યનારાયણ નડેલા જ્યારે અમેરિકામાં પોસ્ટ ગ્રેજ્યુએશન કરતાં હતાં તે સમયની વાત છે. લેબમાં સત્યનારાયણના પ્રોફેસરે સ્લીપીંગ બેગ જોઈ. પ્રોફેસરને આશ્ચર્ય થયું કે લેબમા સ્લીપીંગ બેગ ક્યાંથી આવી ! તપાસ કરી તો ખબર પડી કે આ તો સત્યનારાયણની સ્લીપીંગ બેગ છે. સત્યનારાયણ લેબમા જ્યારે કામ કરતાં કરતા થાકતા ત્યારે સ્લીપીંગ બેગ ખોલીને થોડો સમય આરામ કરી લેતાં અને ફ્રેશ થઈને ઊભા થઈને ફરી પાછા એમના સંસોધન કાર્યમાં ગુંથાઈ જતાં. ઈતિહાસ રચવાવાળા હંમેશા ખુલા આસમાનમાં ઉડવાની ચાહત રાખતાં હોય છે. સદાય દોડવાની તમન્ના એમનામાં ઠસોઠસ ભરેલી હોય છે. અટકવાનું, રોકાવાનું, ઝૂકવાનું કે પાછું વળવા જેવા શબ્દો આ જીદ્દી માણસોની ડિક્ષનરીમાં હોતા જ નથી. ઈતિહાસ રચવાવાળા માર્ગની પરવા ક્યારેય નથી કરતાં. એ લોકો હંમેશા વિચારતાં હોય છે કે જો માર્ગની પરવા કરીશું તો લક્ષ્યરૂપી સુન્દરીને માઠું લાગી જશે.

માઈક્રોસોફ્ટના સીઈઓ સત્યનારાયણ નડેલાને કોઈકે એમ પૂછ્યું કે માઈક્રોસોફ્ટમાં ભરતી કરતી વેળા તમે શું ધ્યાન રાખો છો. ત્યારે નડેલાએ બહુ સરસ જવાબ આપ્યો હતો કે અમે વ્યક્તિમાં બે પ્રકારની બાબતોને ચકાસીએ છીએ. એક તો એમની વૈચારિક સ્પષ્ટતા (ક્લેરીટી) અને બીજું કાર્ય કરવા માટે એમનામાં રહેલી ઉર્જા (એનર્જી). જે વ્યક્તિમાં એનર્જી અને ક્લેરીટીનો સમન્વય હોય એ પહાડની ચોટી ઉપર જ બીરાજતો હોય. આવા લોકો જ ઈતિહાસ બનાવતા હોય. ભારતીય હોકી ટીમના સીતારા ધ્યાનચંદ માટે લોકો કહેતાં કે એમની હોકીમાં કોઈ ચુંબક તો નથી ને કે બોલની એમની હોકી સ્ટીકથી આટલો ચીપકેલો રહે છે. કરાટે ચેમ્પિયન બ્રુસ-લીના પંચને કેમેરામાં કંડારવા માટે કેમેરા સ્પેશ્યલ સ્લો મોશનમાં ચલાવવા પડતાં હતાં. પાબલો પીકાસો પેઈન્ટીંગ કરવા બેસતાં ત્યારે ઘણીવાર ૭૨-૭૨ કલાક સુધી કશું જ બોલતાં ન હતાં. ગુગલના સીઈઓ સુન્દર પીચાઈ હાલતાં, ચાલતાં, રીક્ષામાં બેસતાં, જમતાં, કોલેજ જતાં આવતાં સતત અવિરત હંમેશાં વાંચતા. એક લક્ષ્ય કેન્દ્રીત વ્યક્તિ જ ઈતિહાસ બનાવી શકે. જેના સ્પષ્ટ વિચારો હોય અને જેનુ ઉર્જાવાન વ્યક્તિત્વ છે એ આપોઆપ ભીડથી અલગ તરી આવે છે.

જીવનમા હમેશા બે રસ્તાઓ હોય છે. એક તો જે થાય છે એને થવા દો અને સહન કરતાં રહો. અથવા સ્પષ્ટતાપૂર્વક ઊર્જા પ્રાપ્ત કરીને જવાબદારી ઉપાડો અને પરિસ્થિતિને પલટાવો. જ્યાં સુધી હારતો નથી ત્યાં સુધી માણસ જીતેલો હોય છે. અને એ પણ એટલું જ સાચુ છે કે, જે હારે છે એ જ તો ભવિષ્યમાં જીતે છે. જ્યારે કોઈ ચીજ મેળવવા માટે હૃદયના ઊંડાણથી જનૂનપૂર્વક એની જીદ કરો તો એ જીદને પૂરી કરવા માટે આખું બ્રહ્માંડ તમારી પાછળ તાકાત બનીને ઊભું હોય છે. જરૂરિયાત છે કૌશલ્ય કેળવવાની. કૌશલ્ય નિર્માણ થશે તો કામિયાબી પાછળ દોટ મુકીને આવશે. થ્રી ઈડિયટ ફિલ્મના રેન્ચો બાબા(આમિર ખાને ભજવેલુ કેરેક્ટર) પણ આ કહે છે, ' કામિયાબી કે પીછે મત ભાગો, ખુદ કો કાબીલ બાનાઓ... કામિયાબી તો જખ મારકે પીછે પીછે ચલી આયેગી...' માણસનો ડર અને જીદની ઉમ્મીદ આ બે વચ્ચેનો સમય બહુ કમાલનો હોય છે. જે આ સમજે છે એની જીદ જીત સુધી પહોંચી શકે છે. ઈતિહાસ વાંચીને ગોખવાનો વિષય નથી. જીદ કરીને જીત મેળવવાની છે. ક્લેરીટી અને એનર્જીના સમન્વયથી ઈતિહાસ બનાવવાનો છે. તમારો બનાવેલો ઈતિહાસ દુનિયા વાંચશે એવો દ્રઢ સંકલ્પ જ જીતનો પાયો હોય છે. મુક્કદર હાથની રેખાઓ કરતા મનમાં વાળેલી ગાંઠ એટલે કે જીદમા સમાયેલુ હોય છે. ગાંડપણની હદ સુધીની જીદ જીવનનો આહલાદ છે... જીદમા હમેશા 'વાહ' હોય એમા ક્યારેય 'આહ' ન હોય.



**ધબકાર**

" મેરે સીનેમેં જો જખમ હે વો તો ફૂલ કે ગુચ્છે હે, હાં હમ પાગલ હે પાગલ હી રહને દો, કેવલ પાગલ હી અચ્છે હે" ..... ભગતસિંહ